विस्तरण शिक्षण नियामकश्रीनी कचेरी

# नवसारी कृषि युनिवर्सिटी

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

**વંચાણેઃ** (૧) અત્રેની કચેરીનો પરિપત્ર જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૭૦/૨૦૧૯ નવસારી તા. ૨૮/૦૩/૨૦૧૯
(૨) અત્રેની કચેરીનો પરિપત્ર જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૦૧/૨૦૧૯ નવસારી તા. ૦૧/૦૪/૨૦૧૯

## પરિપત્ર

**આણંદ ખાતે ૧૫મી કમ્બાઈન્ડ જોઈન્ટ એગ્રેસ્કો મિટીંગ દરમ્યાન પ્રદર્શનના આયોજન બાબત...**

જયભારત સહ ઉપરોકત વંચાણે લીધેલ પત્રાનુસાર જણાવવાનું કે, ગુજરાત રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ અને કામધેનુ યુનિવર્સિટીની ૧૫મી કમ્બાઈન્ડ જોઈન્ટ એગ્રેસ્કો મિટીંગનું આયોજન હવે આગામી **તા. ૨૯–૩૦ એપ્રિલ અને ૧ મે, ૨૦૧૯** દરમ્યાન આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે કરવામાં આવેલ છે.

સદરહુ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે રાખવામાં આવેલ પ્રદર્શનમાં નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે બહાર પાડવામાં આવનાર સૂચિત નવી જાતો અને નવીનત્તમ તજજ્ઞતાઓની માહિતી આ સાથે સામેલ **પરિશિષ્ટ–૧** માં દર્શાવેલ વિભાગોએ **તા.૨૪/૦૪/૨૦૧૯ના રોજ બપોરના ૨.૦૦ થી ૫.૩૦** કલાક દરમ્યાન નીચે સહી કરનારની કચેરીમાં રૂબરૂમાં પ્રો. એસ.આર. કુંભાણી (મો. ૯૯૨૪૭૨૩૨૮૨)ને પહોંચતી કરવાની રહેશે.

૧. ચાલુ વર્ષે બહાર પાડવામાં આવનાર સૂચિત નવી જાતો/તાંત્રિકતાઓના નમુનાઓ.
૨. ચાલુ વર્ષે બહાર પાડવામાં આવનાર સૂચિત નવી જાતો/તાંત્રિકતાઓની અગત્યની લાક્ષણિકતાઓ અને અન્ય જાતો કરતા વધુ કઈ રીતે ચડિયાતી છે તે અંગે બુલેટ ફોર્મમાં ટૂંકમાં લખાણ (સોફટકોપીમાં).
૩. ચાલુ વર્ષે બહાર પાડવામાં આવનાર સૂચિત નવી જાતો/તાંત્રિકતાઓના હાઈ રિઝોલ્યુએશનવાળા પસંદ કરેલ બે–બે કલર ફોટોગ્રાફસ (સોફટકોપીમાં).
૪. ફળ, ફૂલ અને શાકભાજીમાં મૂલ્યવૃધ્ધિ થકી તૈયાર કરવામાં આવતી પ્રોડકટસ (વ્યવસ્થિત પેકીંગ અને લેબલ સાથે)
૬. કેળનાં નકામા થડમાંથી મૂલ્યવૃધ્ધિ થકી તૈયાર કરવામાં આવતી પ્રોડકટસ (વ્યવસ્થિત પેકીંગ અને લેબલ સાથે)
૭. છેલ્લાં બે વર્ષ દરમ્યાન પ્રકાશિત કરેલ કૃષિ સાહિત્યની બે–બે નકલો (હાર્ડ કોપીમાં).

ઉપરોકત માહિતી ગુજરાતી LMG-Arun Font માં તૈયાર કરીને આપવાની રહેશે. આણંદ ખાતે પ્રદર્શન સ્ટોલમાં નમૂનાની ગોઠવણી કરવા તથા પ્રદર્શન અંગે મુલાકાતીઓને સમજ આપવા માટે આ સાથે સામેલ **પરિશિષ્ટ**–૨માં દર્શાવેલ અધિકારીઓની નિયુકિતી કરવામાં આવે છે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૦૫/૨૦૧૯
નવસારી તા. ૧૬/૦૪/૨૦૧૯

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ :</u>**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૨. સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૩. સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ થવા સારું.
૪. યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તથા યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ તથા થવા સારું.
૫. આ સાથે સામેલ પરિશિષ્ટ–૧માં દર્શાવેલ વિભાગોના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.
૬. આ સાથે સામેલ પરિશિષ્ટ–૨માં દર્શાવેલ કૃષિ પ્રદર્શનની કામગીરી માટે નિયુકિત થયેલ અધિકારીઓ/કર્મચારીઓ તરફ તા.૨૯/૦૪/૨૦૧૯ના રોજ સવારે ૮.૩૦ કલાક પહેલાં નમૂનાઓ ગોઠવી દેવાની જાણ તથા ઘટતું થવા સારું.

# <u>પરિશિષ્ટ–૧</u>

## આણંદ ખાતે ૧૫મી કમ્બાઈન્ડ જોઈન્ટ એગ્રેસ્કો મિટીંગ દરમ્યાન યોજાનાર પ્રદર્શન માટે નવી જાતો અને નવીન કૃષિ તાંત્રિકતાઓના નમૂનાઓ જમા કરાવનાર વિભાગની યાદી

| અ.નં. | પાકનુંનામ | નવી જાત/ ટેકનોલોજી | વિભાગનું નામ |
|---|---|---|---|
| ૧ | કપાસ | G.Cot.34 | સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત |
| ૨ | શેરડી | GNS-11 | સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી |
| ૩ | ડાંગર | GNR-8 | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, નકૃયુ, વ્યારા |
| ૪ | ડાંગર | GNR-9 | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, નકૃયુ, વ્યારા |
| ૫ | કઠોળ (તુવેર) | GT-105 | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કઠોળ),<br>કઠોળ સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી |
| ૬ | કઠોળ (અડદ) | GU-3 | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કઠોળ),<br>કઠોળ સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી |
| ૭ | સોયાબીન | Phule Agrani<br>(KDS-344) | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>ખરસાણી સંશોધન કેન્દ્ર, નકૃયુ, વણારસી, તા.વાંસદા |
| ૮ | રીંગણ | GNRB-2 | પ્રાધ્યાપકશ્રી, શાકભાજી વિજ્ઞાન વિભાગ,<br>અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૯ | રતાળુ | GNGy-1 | પ્રાધ્યાપકશ્રી, શાકભાજી વિજ્ઞાન વિભાગ,<br>અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૧૦ | આંબા હળદર | GNMG-1 | પ્રાધ્યાપક અને વડા, જનિન વિદ્યા અને વનસ્પતિ સંવર્ધન વિભાગ,<br>નમકૃમ, નકૃયુ, નવસારી |
| ૧૧ | ઈકકડ | GND-1 | પ્રાધ્યાપક અને વડા, જનિન વિદ્યા અને વનસ્પતિ સંવર્ધન વિભાગ,<br>નમકૃમ, નકૃયુ, નવસારી |
| ૧૨ | ફળ, ફૂલ અને શાકભાજી | ફળ, ફૂલ અને શાકભાજીમાં મૂલ્યવૃધ્ધિ (પ્રોડકટસ) | આચાર્ય અને ડીનશ્રી,<br>અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૧૩ | કેળ | કેળનાં નકામા થડમાંથી મૂલ્યવૃધ્ધિ (પ્રોડકટસ) | સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>જળ અને જમીન વ્યવસ્થાપન એકમ, નકૃયુ, નવસારી |

# <u>પરિશિષ્ટ–૨</u>

## આણંદ ખાતે પ્રદર્શન સ્ટોલમાં નમૂનાની ગોઠવણી કરવા તથા મુલાકાતીઓને સમજ આપવા માટે નિયુકત કરેલ અધિકારીઓ/કર્મચારીઓની યાદી અને પ્રવાસ કાર્યક્રમ

| | | | |
|---|---|---|---|
| ૧. | નવસારીથી નિકળવાની તારીખ અને સમય | : | તા.૨૮/૦૪/૨૦૧૯ બપોરે ૧૨.૦૦ કલાકે |
| ૨. | અધિકારીશ્રીઓના નામ | : | ૧. પ્રો. એસ.આર. કુંભાણી, મવિશિશા.,<br>વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી **(કન્વીનર)**<br>૨. પ્રો. કે.એસ. મુંગરા, મદદ. પ્રાધ્યાપક,<br>સંશોધન નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારી **(સહ કન્વીનર)** |
| ૩. | પ્રદર્શન સામગ્રી માટેનું વાહન | : | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીની જીપ<br>: GJ-21 M-1126 |
| ૪. | ડ્રાઈવર (રોજમદાર) | : | શ્રી દિવ્યેશ પટેલ, વિશિનિશ્રીની કચેરી |
| ૫. | આણંદથી પરત ફરવાની તારીખ અને સમય | : | પ્રદર્શનની સમાપ્તિ સુધી |

તારીખ : ૧૬/૦૪/૨૦૧૯
સ્થળ : નવસારી

**વિસ્તરણ શિક્ષણ નિયામક**